નામ અને લાયબ્રેરી પ્રાઈઝ માટે મંજુર મુંબઈ સરકારના

કેળવણી ખાતાએ આ પુસ્તક મંજુર કર્યું છે.

નીતિની શીખામણો.

સંગ્રહ કરનાર.

ચુનીલાલ બાપુજી મોદી

પ્રકાશક

નવનીતલાલ સુખલાલ મોદી.

ઠે૦ ખપાટીઆ ચકલા સુરત.

આવૃત્તિ અગીઆરમી.

દોહરો.

"નીતિ થકી વર્તે જનો, તેની પ્હોંચે આશ;
નીતિ વણુ રઝળી મરે, પડે પાપને પાશ,"
(બાલસુબોધ.)

સુરત.

સંવત ૧૯૭૨ સને ૧૯૧૬.

કીંમત ૨ આના.

સાંકળિયું.

આ ચોપડીનું ફક્ત ટાઇટલ પેઇજજ શાહ ખુબચંદ અમીચંદના ધી સુરત જૈન એન્જીન પ્રીન્ટીંગ પ્રેસમા **પ્રભુશંકર નરભેરામ વ્યાસે** છાપ્યું ઠે. ખપાટીઆ ચકલા-**સુરત.**

સંગ્રહ કરનાર:—**ચુનીલાલ બાપુજી મોદી.**
પ્રસિદ્ધ કર્તા:—**નવનીતલાલ સુખલાલ મોદી.**
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—ખપાટીઆ ચકલા—**સુરત.**

નીતિની શીખામણો.

સદાચરણ.

૧ પોતાનું આયુષ્ય સદાચરણમાં કહાડવું એ માણસનું મુખ્ય કામ છે.

૨ જે માણસ પ્રમાણિક છે, તે સર્વ લોકમાં માન પામે છે.

૩ તું તારી સાથે બીજા લોકોનું જે રીતે ચાલવું ઈચ્છે છે, તેજ રીતે તું તેમની સાથે ચાલ્યા કર.

૪ દુરાચરણી માણસનું કદી પણ ભલું થનાર નથી.

૫ દુષ્ટ કર્મ કરનારા માણસની મોટાઈ ઘણા દહાડા રહેતી નથી.

૬ દુરાચરણથી આઘા રહેવું, એ બુદ્ધિમાન માણસનું કામ છે.

૭ નઠારાં કામથી અનેક પ્રકારનાં નુકસાન થાય છે.

૮ પાછળની સારી ચાલ છોડવી નહીં, પણ પાછળની માઠી ચાલ જરૂર છોડવી.

૯ પાણીથી શરીર સ્વચ્છ થાયછે, પણ સદ્‌બુદ્ધિ વિના આત્મા પવિત્ર થતો નથી.

૧૦ જેને નઠારાં કર્મો એકાંતમાં લજવતાં નથી, તે માણસ મંડળીમાં નઠારાં કર્મ કરવા માટે વહેલી લાજ મૂકશે.

૧૧ બીજા કરતાં આપણે થોડું પાપ કર્યું હોય તો પણ પાપ કર્યાનો સંતોષ કદાપિ માનવો નહીં.

૧૨ જેમ શરીર ઉપર ફોલ્લો હોય, ત્યાં સુધી નિરોગી થવાતું નથી:તેમ, જ્યાં સુધી આપણામાં દુર્ગુણ હોય ત્યાં સૂધી સુખી થવાતું નથી.

વડિલોનું માન.

૧ આપણે માબાપનું માન રાખતા રહેવું એટલે ઇશ્વરનો આશીર્વાદ પામીશું.

૨ માબાપ, ગુરુ, અને શેઠ જે કામ કહે તે તરત કરવું, વાયદો કરવો નહીં.

૩ માબાપ કહે જે તોફાની છોકરાની સોબતમાં ફરીશ નહીં, તે માનવામાં આપણું કલ્યાણ છે.

૪ વિદ્યા ભણાવનાર, અન્ન આપનાર અને ભયથી બચાવનાર એ ત્રણે માબાપ જેવા ગણાય છે; કેમકે તે આપણું ભલું કરનારા છે.

૫ આપણે વડિલોની મર્યાદા રાખીશું તો આગળ જતાં છોકરાં આપણી મર્યાદા રાખશે.

ઉપકાર અને અનુપકાર.

૧ ઉપકાર કરવો એ ગુણી માણસનું કામ છે.

૨ બીજાને દુ:ખ દેવું એ મોટું પાપ છે.

૩ જે અનુપકારી ઉપર ઉપકાર કરે છે તે ઉત્તમ પુરૂષ જાણવો.

૪ જે શરણે આવે તેનું સંરક્ષણ કરવું.

૫ આપણે વગર આશાએ બીજાનું સારૂં કરીએ, તો ઈશ્વર આપણું જરૂર સારૂં કરશે.

૬ પરોપકાર કર્યાથી આપણા આત્માને જેમ સંતોષ થાયછે, તેમ બીજી મોજ મઝાથી સુખ થતું નથી.

છોકરાંની વર્તણુક.

૧ સોળ વરસની વય થાય ત્યાં સૂધી છોકરાંઓએ પોતાની બુદ્ધિએ ચાલવું નહીં.

૨ ઘરમાં રહીએ ત્યાં સૂધી માબાપ કહે તેમ ચાલવું અને નિશાળમાં હોઇએ ત્યારે મહેતાજીની આજ્ઞા પ્રમાણે ચાલવું.

૩ સારો અથવા માઠો જે ગુણ બાળપણથી વળગે તે મરતાં સૂધી છૂટે નહીં.

૪ કુમળું ઝાડ જેમ વાળીએ તેમ વળેછે, પણ કઠણ થયા પછી વળતું નથી, તેમ માણસની બુદ્ધિ પણ મોટપણે જડ થાય છે.

૫ નિશાળે જવાની વેળા ચુકાવવી નહીં, દરરોજ બરાબર વખતે નિશાળે જવું.

૬ બધા છોકરાઓ કરતાં હું મારો પાઠ વેહેલો શીખીશ એવું અભિમાન રાખવું.

૭ આજ કેટલું નવું શીખ્યો તેનો દરરોજ વિચાર કરવો. કંઈપણ નવું શીખ્યા વગર દહાડો જવા દેવો નહીં.

૮ નિશાળે જતાં રસ્તામાં નઠારાં છોકરાં રમવાને બોલાવે ને તેમની જોડે રમવાનું મન થાય તોપણ જવું નહીં.

૯ નાનપણમાં સ્મરણશક્તિ સારી હોયછે અને મોટપણે વિદ્યાનો અનુભવ થતાં મનનું સમાધાન ઠીક થાય છે.

રીસ.

૧ રીસ લાગવા જેવાં કામ થોડાંજ હોય છે.

૨ રીસ ચઢવાને જેને વાર લાગે તે ઉત્તમ પુરુષ જાણવો.

૩ મીઠા ભાષણથી જવાબ દીધો તો ટંટો થાય નહિ.

ક્ષમા.

૧ તમને કોઈ દુઃખ દે તેને બદલે તમે તેને દુઃખ દેશો નહીં.

૨ અપરાધ માફ કરવો એ મોટા માણસનું મુખ્ય કામ છે.

૩ આપણે બીજાના અપરાધ ક્ષમા કરીશું તો ઈશ્વર આપણા અપરાધ ક્ષમા કરશે.

દુર્વ્યસન.

૧ દારૂ, ભાંગ, અફીણ, ગાંજો, ઈત્યાદિ કેફી વસ્તુઓ ખાવી નહીં, કેમકે એથી શરીરને નુકસાન થાય છે.

૨ જુગાર રમાતો હોય ત્યાં ઊભા પણ રહેવું નહીં

૩ જુગાર વગેરે ખરાબ વ્યસનથી ચોરી કરવાની ટેવ પડેછે, ને ચોરી કરતાં જીવ પણ જાય છે અને આપણી સાત પેઢીને બટ્ટો લાગેછે.

૪ જુગારના પૈસાથી આજ સૂધી કોઈ પણ માણસ સુખી થયું નથી.

૫ જુગારથી કેટલાક દરિદ્રી થયા, કેટલાએક જીવ ખોયા, ને કેટલાક ફાંસીએ પણ ગયાછે.

૬ નઠારા વ્યસનમાં પૈસો ખરચ્યો તે ફોગટ ગયો એમ સમજવું.

૭ કોઈ સારા માણસને કદાપિ એકાદ નઠારૂં વ્યસન હોય, તો તેનું જોઇને આપણે તે પકડવું નહીં. તેના ગુણ માત્ર લેવા.

૮ કોઈના અવગુણ ગ્રહણ કરવાં નહિ.

પ્રમાણિક વર્તણુક.

૧ ચોરી કરવી નહીં.

૨ ખોટાં કાટલાં અથવા ખોટાં ત્રાજવાં કે માપ ઓછાં રાખવાં એ મોટો ગુન્હો છે.

૩ લાંચ ખાવી નહીં.

૪ ટંટાખોર અથવા ફિતૂરી લોકોની મસલતમાં કદાપિ સામેલ થવું નહીં

૫ હિસાબ ચોખ્ખો રાખવો.

સાચું બોલવું.

૧ સર્વદા સાચું બોલવાની ટેવ ખામુખાં રાખવી.

૨ જે માણસો જુઠું બોલે છે અથવા જુઠી સાહેદી પૂરેછે, તે ઘણા પાપી છે એમ સમજવું.

૩ જુઠું બોલવાથી પરમેશ્વરને માઠું લાગે છે.

૪ જુઠા માણસના બોલવા ઉપર વિશ્વાસ રાખવો નહીં.

૫ હું તમારૂં કામ કરીશ એમ કહીને કોઈને વિશ્વાસ આપ્યો તો તે કામ કરવાને ચૂકવું નહીં.

૬ વિશ્વાસ આપીને ઘાત કરવો; એ કરતાં બીજાં મોટાં પાપ થોડાંજ છે.

૭ બોલે કંઈ અને કરે કંઈ, એવું માણસ ખરૂં બોલે તોપણ લોક માને નહીં.

૮ સત્ય ઉપર વ્યવહાર ચાલે છે માટે સત્ય છોડવું નહીં.

૯ ગપ ચલાવવી નહીં.

ચાડી.

૧ ચાડીઆ સાથે ફરવું નહીં.

૨ કોઈની નિંદા અને ચાડી કદાપિ કરવી નહીં.

૩ બીજાના ગુણનાં વખાણ કરતા રહેવું.

લોભ અને ઉદારતા.

૧ જે પોતાના વૈભવનો પોતે એકલો ઉપયોગ કરેછે, તેનું જીવતર ફોગટ જાણવું.

૨ લોભી માણસ ઘણા પૈસાની આશાએ જે સુખ હોય તે પણ ખોય છે.

૩ ઉદાર માણસ ઉપર સર્વ લોકોની મમતા હોય છે, માટે તેને કદાપિ અડચણ આવી પડે તો તે ઘણા દહાડા રહેતી નથી.

૪ ઉદારતા રાખવી, પણ ઉડાઉપણું ન રાખવું.

અદેખાઇ.

૧ અદેખાઇથી માણસનું શરીર લેવાય છે.

૨ અદેખું માણસ બીજાનું સુખ જોઇને તથા વખાણ સાંભળીને દુ:ખી થાય છે અને બીજાનું દુ:ખ જોઈને તથા નિંદા સાંભળીને ખુશી થાય છે.

૩ અદેખું માણસ બીજાને દુ:ખ થવા માટે પોતે પણ દુ:ખ ભોગવે છે. આ ઉપરથી અદેખાઈ કેવો નઠારો ગુણ છે તે સમજાશે.

ગર્વ અને નમ્રતા.

૧ નમ્રતા રાખવી. ગર્વ કરવો નહીં.

૨ હું મોટો છું એવું કદાપિ મનમાં આણવું નહીં.

૩ જે માણસ અભિમાની છે, તેની બેઆબરૂ સહજ થાય છે.

૪ ગર્વ કજીઆનું મૂળ છે.

૫ આપણા ગુણ આપણે મોઢે વખાણવા નહીં, કેમકે તેમાં આપણી મૂર્ખાઈ જણાય છે.

૬ કોઈ કાંઇ બોલતું હોય તેમાં યુક્તિથી પણ આપણી બડાઇની વાત આણવી નહીં કેમકે એવા બોલવાનું વજન પડતું નથી.

દયા.

દયા ધરમકો મૂલ હે, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જ્યોંલગ ઘટમેં પ્રાન.

૧ જે લોકો દુઃખમાં પડયા હોય તેની ઉપર દયા રાખવી.

૨ ભલા માણસ પોતાનાં જનાવરનું પણ સારી રીતે પાલન કરે છે.

૩ જે ગરીબ ઉપર દયા રાખે છે, તેની ઉપર સંકટની વેળાએ પરમેશ્વર દયા રાખે છે.

૪ આપણો શત્રુ ભૂખ્યો હોય, તો તેને પણ અન્ન આપવું.

મહેનત.

૧ જે લોક પોતાનાં સઘળાં કામ ઘણી મહેનતે કરે છે, તેનેજ પરમેશ્વર સહાય થાય છે.

૨ આપણું કામ આપણાથી જેટલું થાય તેનો

દશમો ભાગ પણ બીજાથી થતું નથી.

૩ મોટી ઈમારત દરરોજ નિયમ પ્રમાણે બાંધ્યાથી પૂરી થાય છે; મોટો ગ્રંથ દરરોજ નિયમ પ્રમાણે વાંચ્યાથી મોંઢે થાય છે; તેમજ ગમે તેવી કઠણ વિદ્યા પણ રોજ રોજ નિયમ પ્રમાણે શીખ્યાથી આવડશે.

૪ દરેક કામ કરવા મહેનત કરવી. દૈવપર ભરોસો રાખવો નહીં. મહેનત વિના દૈવ લુલું છે.

૫ આળસનું જોર વધવા દીધું તો આપણા શરીર અને મનનું પણ ધણીપણું તે લઈ બેસશે.

૬ સારૂં કામ કરવાનું મનમાં આવ્યું કે તેજ વખતે કરવું. "શુભસ્ય શીઘ્રમ્" એ સંસ્કૃત કહેવત છે.

૭ આળસ એ દળદર અને દુઃખનું મૂળ છે.

૮ ઊંઘ ઘણી વહાલી કરવી નહીં, કેમકે તેથી દરિદ્ર આવે છે.

સોબત અને દોસ્તી.

૧ સારા માણસને મૂકીને નઠારા માણસની દોસ્તી કરવી નહીં.

૨ સારા મિત્ર સાથે કદી બગાડ કરવો નહીં.

૩ મશ્કરી કરવી એ મિત્રાઇનો શત્રુ છે.

ક ૯—૫૮

૪ મિત્રની પરીક્ષા સંકટની વેળાએ થાય છે.

૫ માઠે રસ્તે જનારા લોકો ઘણા છે માટે માઠાની સોબત કરવી નહીં.

૬ દુષ્ટ માણસની સોબતથી સારા માણસનો સ્વભાવ પણ બગડે છે.

૭ જેને સારા માણસો સારો કહે, તેની સોબત અને મૈત્રી કરવી.

૮ જેને ઘણા પ્રકારનાં વ્યસન હોય તેને ઓળે પણ ઉભા રહેવું નહીં, કેમકે તે આપણને બગાડશે.

બુદ્ધિ અને વિદ્યા

૧ પ્રાતઃકાળે વિદ્યાભ્યાસ કરેથી વિદ્યા વેહેલી આવડે છે.

૨ જ્ઞાન તથા બુદ્ધિનો તિરસ્કાર મૂર્ખ માણસોજ કરે છે.

૩ બુદ્ધિમાન છોકરો માબાપને સુખ દે છે.

૪ સોના કરતાં ડહાપણ સારૂં છે.

૫ મૂર્ખ છોકરાને જોઈ માબાપને નિરંતર દુઃખ થાય છે.

૬ વિદ્યા વિના ડહાપણ નહીં અને ડહાપણ વિના આબરૂ નહીં.

૭ વિદ્યાની ગરજ સર્વને પડે છે.

૮ નાનપણમાં જેવી વિદ્યા આવડે છે, તેવી મોટપણે આવડતી નથી, માટે નાનપણમાં વિદ્યાભ્યાસ કરવો.

૯ બીજા ધનને ચોર લઈ જાય છે, પણ વિદ્યારૂપી ધનને ચોરની બીક નથી.

૧૦ જેમ અંધારા કરતાં અજવાળું સારૂં દેખાય છે, તેમ અજ્ઞાન કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે.

૧૧ બીજું ધન ખરચ કર્યાથી ઘટે છે, પણ વિદ્યા ધન જેમ વાપરીએ તેમ વધે છે.

આબરૂ.

૧ પૈસા કરતાં આબરૂ મોટી; કેમકે ગએલી આબરૂ ફરી મળતી નથી, પણ ગએલું દ્રવ્ય ફરી મળે છે.

૨ આબરૂ વગર એકલા પૈસાથી અથવા એકલી વિદ્યાથી સંતોષ થતો નથી.

૩ આબરૂ જોઈતી હોય તો દુર્ગુણ તજવા અને દુર્જનને ઓળે પણ ઊભા રહેવું નહીં.

કૃતજ્ઞતા.

૧ બીજાએ કરેલા ઉપકાર સંભારીને તેના ઉપર પાછો ઉપકાર કરવાની જે ઈચ્છા તેનું નામ કૃતજ્ઞતા.

૨ કૃતજ્ઞતા કરતાં મનને વધારે આનંદ પમાડનાર બીજું કંઈ નથી.

૩ બીજા સદ્ગુણ આચરવા જેવા કઠણ અને દુઃખદાયક છે, તેવી કૃતજ્ઞતા નથી. કૃતજ્ઞતાથી તો ઉલટો સંતોષ થાય છે.

૪ માણસ માણસની કૃતજ્ઞતા માને છે તો પોતાના કર્ત્તાની કૃતજ્ઞતા માનવાની કેટલી બધી જરૂર છે?

૫ ઉપકાર કરનારને જે પ્રતિ ઉપકાર કરે છે તેના તેવા કામમાં લોક ખુશીથી સહાય કરે છે.

૬ જે પોતાનું સારૂં કરનારને ઉપદ્રવ કરે છે તેનું કોઈ દહાડો ભલું થતું નથી.

સંતોષ.

૧ આપણને પરમેશ્વરે જે આપ્યું હોય તેમાં સંતોષ માનવો. અસંતોષી માણસને કોઈ પણ ચીજથી સુખ થતું નથી.

૨ બીજાનાં સારાં લૂગડાં ઘરેણાં જોઇને તેવાં આપણા માબાપ પાસે હઠ કરીને માગવાં નહીં, કેમકે તેમને સામર્થ્ય નહોય તો ક્યાંથી લાવી આપે?

૩ જેનું મન સંતોષી તે ધનવાન અને જેની ઈચ્છા અતિ મોટી તે દરિદ્રી.

૪ હું ઘણો દુઃખીઆરો છું એમ મનમાં આવે તો આપણા કરતાં વધારે દુઃખી હોય તેને જોઈને આપણે આપણું સમાધાન કરવું.

ભાષણ.

૧ હસતાં હસતાં બોલવું નહીં. બોલતાં ગર્વ ધરવો નહીં.

૨ બોલતાં લજવાવું નહીં; મર્યાદાથી પણ નિર્ભયપણે બોલ્યા જવું.

૩ હિતકારક અને મીઠું ભાષણ કરવું.

૪ કોઇનો ધિક્કાર કરવો નહીં.

૫ બીજાનું બરાબર સાંભળી લઈને જવાબ દેવો, ઉતાવળ કરીને વચમાં બોલવું નહીં.

કરજ.

૧ ઉધાર જણસ આણવાની ટેવ રાખવી નહીં. આણવી પડે તો ખાતું વધારે દહાડા ચલાવવું નહીં.

૨ ઉપજ કરતાં ખરચ વધારે કરવાથી કરજદાર થવાય છે.

૩ કરજ કરીને ખરચ કરે છે તે પાછળથી પસ્તાય છે.

૪ સાહુકારનો વાયદો ચૂકયા એટલે એકાદ દહાડો તે રસ્તામાં આબરૂ લે, તેના જેવી બીજી શરમ થોડી છે.

ધીરજ.

૧ માણસને ગરીબાઈ, પોતાના વ્હાલાનું મરણ ઈત્યાદિ અનેક સંકટો આવી પડે છે. તે વખતમાં ધીરજ રાખવી.

૨ બાવરા માણસનું મન સંકટમાં ડગમગે છે અને ધીરજવાન માણસનું મન દરિયામાંના ખડકની પેઠે દુઃખમાં ડગડગતું નથી.

ભીખ.

૧ આબરૂદાર માણસને ભીખ સરખી બીજી લાજ નથી.

૨ શરીરમાં જોર છતાં જે ભીખારી થઈ પેટ ભરે છે તેને જીવતાં છતાં મુઆ બરાબર જાણવો.

૩ હું મારી મહેનતે મેળવેલા અન્નથી જીવીશ અને ખરી મહેનતે મેળવેલી સંપત્તિએ સુખી થઈશ. એમાંજ મારી આબરૂ છે આ પ્રકારનું અભિમાન રાખવું.

૪ આપણા ગુણ અને મોટાઈ બીજા પાસે ભીખ માગવાથી નાશ પામે છે.

૫ જ્યાં સૂધી નીભે ત્યાં સૂધી ભીખ માગવી નહીં અને સદાવ્રતનું અન્‍ન ખાવું નહીં.

૬ આપણું સર્વ કલ્યાણ આપણા ઉદ્યોગ, સાચવટ અને નિશ્ચયના બળ ઉપર છે એમ ખૂબ સમજી રાખવું.

દ્રવ્ય.

૧ સારા કામથી પૈસા મેળવવા અને તે સારા કામમાં ખરચવા.

૨ દ્રવ્યનું સાર્થક એજ કે પરોપકાર કરવો.

૩ નઠારાં કામથી દ્રવ્ય મેળવવું નહીં. નઠારા કામથી મેળવેલા દ્રવ્યનો ઉપયોગ ગમે તે કરે તો પણ નઠારા કામનું પાપ તે મેળવનારનેજ લાગે છે.

૪ બીજાની બરોબરી કરવા માટે કેવળ મમતથી મોટો ખરચ કરવો નહીં.

વિચાર.

૧ પહેલેથી વિચાર કર્યા વગર એકાએક કંઈપણ કામ કરવા માંડવું નહીં.

૨ કયા ઉપાયથી કયું કામ થશે એ વિચારથી સમજાય છે.

૩ ઘણા પદાર્થ સારા છતાં માઠા અથવા માઠા છતાં સારા દેખાય છે, માટે વિચાર કરવાની ટેવ રાખવી, જેથી સારૂં માઠું પરખાય.

૪ અવિચારી માણસ સુખી થતું નથી.

લૂગડાં ઘરેણાં.

૧ વધારે કીંમતનાં લૂગડાં ઘરેણાંથી પોતાની શોભા માનવી એ હલકા માણસનું કામ છે.

૨ સારા ગુણથી જે શોભા પમાય છે તેવી કંઈ કીમતી લૂગડાં ઘરેણાંથી મળતી નથી.

દ્રવ્ય સંરક્ષણ.

૧ આપણી પેદાશ કેટલી છે તેનો વિચાર કરીને પેદાશ કરતાં ખરચ ઓછો કરતાં જવું.

૨ દુઃખની વેળાસારૂ પૈસાનો સંગ્રહ કરવો.

૩ અગાડી દ્રવ્ય મળવાનું છે તે ઉપર ભરોસો રાખીને આગમચથી ખરચ કરવો નહીં.

૪ પૈ પૈ એકઠી કરતાં રૂપિયો થાય છે, માટે પૈની અવગણના કરવી નહીં.

વખતનો સદુપયોગ

૧ ગયો વખત ફરી આવતો નથી માટે વખત ફોકટ જવા દેવો નહીં.

૨ યોગ્ય ઉદ્યોગમાં જે પોતાનો વખત કાઢે છે, તેવો રંક પણ કોઈ વાર રાજા થાય છે.

૩ જરૂરનાં કામો માણસની પાછળ ઘણાં છે, માટે એક પળ પણ ફોકટ જવા દેવી નહીં.

ગાળાગાળી.

૧ જે ગાળો દેછે અથવા નિંદા કરે છે તે પોતાની હલકાઈ પ્રગટ કરે છે.

૨ બોલતાં બોલતાં રીસ ચઢે તો પણ ગાળાગાળી ઉપર આવવું નહીં.

૩ ગાળ દેનારને કુમકના જોરથી ઉઘાડો દંડ ન થાય તો પણ આબરૂને તો બટ્ટો લાગેજ.

હિતનાં વચનો.

૧ કહેલી શીખામણ જે સાંભળતો નથી તેને બહેરા જેવો જાણવો.

૨ જે ક્રોધને વશ થાય તેને આંધળા જેવો જાણવો.

૩ જે સારૂં બોલી જાણતો નથી તેને મૂઢ ગણજાવો.

૪ જે સારૂં માઠું સમજતો નથી તેને મૂર્ખ જાણવો.

૫ જેને હાથે પરોપકાર ઘણા થયા છે તેને મોટો જાણવો.

૬ જુવાની, પૈસા અને આયુષ્યના ભરોસા ઉપર જે રહેતો નથી તેને સાવધ જાણવો.

૭ જે સંકટથી ડરતો નથી તેને ધીરજવાન જાણવો.

૮ જેનું મન સ્થિર તે સુખી.

૯ કોઈ આપણાં વખાણ કરે તે ઉપર ભૂલવું નહીં, કેમકે પોતાની મતલબ માટે ખોટાં વખાણ ઘણા કરે છે.

૧૦ આપણી પાછળ કોઈ આપણી નિંદા કરે તે સાંભળી લડવા જવું નહીં, કેમકે પીઠ પાછળ હલકા લોકોજ માઠું બોલે છે.

૧૧ કોઈ ગરીબને જોઈને તેનો અનાદર કરવો નહીં, કેમકે કદાચિત્ કોઈ વેળા આપણી પણ એવી દશા થવાનો સંભવ છે.

૧૨ કોઇ સાથે વેર બાંધવું નહીં.

૧૩ આપણી પાસે દ્રવ્ય હોય ત્યારે દોસ્તી કરવા ઘણા જણા આવેછે.

૧૪ સારી શીખામણનું ભાષણ ઘણું કરીને કઠણ લાગે છે, પણ તેજ હિતકારક હોય છે.

૧૫ આપણી છાની વાત ઘણું કરીને કોઈને વિશ્વાસ રાખીને કહેવી નહીં.

૧૬ છાની વાત સારા મિત્રનેજ કહેવી.

૧૭ આપણી પેદાશ અને ખરચ માંડતાં રહેવું, તેણે કરીને માણસ સાવચ રહેછે.

૧૮ વ્યવહારની વાતે શરમ રાખવી નહીં.

૧૯ યુક્તિની વાત નાના પાસેથી પણ લેવી.

૪૦ ઘરમેળે કજિયા પતે ત્યાંસૂધી સરકાર દરબારમાં જવાની ભાંજગડમાં પડવું નહીં.

૨૧ મૂએલા માણસનું સર્વથા ભૂંડું બોલવું નહીં

૨૨ કોઇની છાની વાત ઉઘાડી કરવી નહીં.

૨૩ મેવો મીઠાઈ ખાવાની જીભને ટેવ પાડવી નહીં.

૨૪ બીજાનો કજિયો વેચાતો લેવો નહીં.

૨૫ એક કામ પૂરૂં થયા પછી બીજા કામમાં હાથ ઘાલવો.

૨૬ બે જણાં વાતો કરતાં હોય ત્યાં બોલાવ્યા વગર જવું નહીં.

૨૭ આપણે બીજાને વાત કહેતા હોઇએ અને તે ચિત્ત દઈને સાંભળતો ન હોય, તો તેને જોરાવરીથી સંભળાવવી નહીં.

૨૮ આપણે કામમાં હોઈએ અને બીજો કોઇ કામ લઈને આવે, તો તેને ખોટી કરવો નહીં.

૨૯ પાંચ દશ કામ એકી વારે કરવા માંડે તે માણસનું એક પણ કામ પૂરૂં થતું નથી.

૩૦ ચાર માણસમાં આપણે ડાહ્યા થઈને આગળ પડી બોલવું નહીં.

૩૧ આપણે કંઈ વાત ભૂલ્યા એવું મનમાં આવે તો તે કબલ કરવું, તે વિષે દુરાગ્રહથી મિથ્યા વાદ-વિવાદ કરવો નહીં.

૩૨ ઘણી મમતાથી છોકરાં બગડે, માટે સર્વ માણસોએ છોકરાં ઉપર મમતા એવી કરવી કે, જેથી તેમનાં દુર્ગુણ જઈને તેઓ મોટપણે સદાચરણી થાય.

૩૩ શેઠ સદ્ગુણી કે દુર્ગુણી છે તે ઘણું કરીને તેના નોકરો ઉપરથી સમજાય છે; કેમકે 'જેવા શેઠ તેવા વાણોતર.'

૩૪ શરીરને જેવો જખમ તેવો મનને દુર્ગુણ જાણવો. ઘા રૂઝાય તોપણ નિશાની રહે છે, તેમ એક વખત પેઠેલો દુર્ગુણ પોતાની નિશાની રાખે છે, માટે દુર્ગુણથી ડરતા રહેવું.

૩૫ જે સારો ઉપદેશ સાંભળતો નથી તેને ગરીબાઈ વહેલી આવે છે અને ઈજ્જત પણ જાય છે.

૩૬ બીજા વિષે સહજમાં નઠારી કલ્પના કરવી નહીં.

પરમેશ્વર વિષેનાં વચનો.

૧ સવારે અને સાંજે પરમેશ્વરના ઉપકારનું સ્મરણ કરતાં રહેવું.

૨ પરમેશ્વર દયાળુ અને સર્વ પદાર્થોનો દાતા છે. તેજ સર્વ જગતનો ન્યાય કરનાર છે. જે લોક માઠાં કામ કરશે તેમને તે શિક્ષા કરશે.

૩ સર્વ માઠી કલ્પના માણસને અપવિત્ર કરે છે, કેવળ ખાવા ઉપર પવિત્રપણું નથી, પણ અંતઃકરણની વૃત્તિ ઉપર ઈશ્વરની નજર છે.

૪ પરમેશ્વર ઉપર ભરોસો રાખીને સદા ઉદ્યોગી રહેવું.

૫ પરમેશ્વરે સઘળી વસ્તુઓ જગત્‌ના કલ્યાણ માટેજ ઉત્પન્ન કરી છે.

૬ આપણું સારૂં માઠું કામ ઈશ્વર જુવે છે. અને આપણું ભાષણ તે સાંભળે છે. માટે જે કરવું તે તેનાથી ડરતાં રહીને કરવું.

૭ મનમાં ઈશ્વરની બીક રાખીને તેની સર્વ આજ્ઞાઓ માનવી.

૮ આપણને પરમેશ્વરે શા સારૂ ઉત્પન્ન કર્યા છે, તેનો રાત દહાડો વિચાર કરતાં રહેવું.

૯ સંસારમાં મોટપ અને નહાનમ પરમેશ્વરની સત્તાથીજ પ્રાપ્ત થાય છે.

સમાપ્ત.

આ ગ્રંથકારનાં બીજાં પુસ્તકો.

		રૂ.	આ.
૧.	રોબિન્સનક્રૂઝોનું સહાસિક ચરિત્ર ...	૦	૭
૨.	ફ્રેન્ચ રેવોલ્યુશન (ફ્રાન્સ રાજ્યક્રાંતિ)	૦	૧૨
૩.	સિકંદરનામું (એલેકઝાંડર ધી ગ્રેટ)	૧	૪
૪.	પ્રતાપી પીટરનું ચરિત્ર આવૃતિ ત્રીજી.	૦	૧૨
૫.	રાવસાહેબ મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું ચરિત્ર અથવા ગૂજરાતની કેળવણીની હકીકત	૦	૮
૬.	મહાન આલફ્રેડ ધી ગ્રેટ	૦	૫
૭.	નેપોલિયન બોનાપાર્ટનું ચરિત્ર ...	૧	૪
૮.	અબલોન્નતિ લેખમાળા ભાગ ૧ લો ...	૦	૮
૯.	યુનાઇટેડ સ્ટેટસની લોક સ્થિતિ અને પ્રવાસવૃત ભાગ ૧ લો એમાં અમેરિકા ખંડની હાલની રાજકીય, સાંસારિક, ધાર્મિક, આર્થિક વગેરે સર્વ જાણવા જેવી બાબતોનું સરળ વર્ણન છે ...	૧	



જાહેર ખબર.

નામદાર હિંદી સરકારના કેળવણી કમીશને શાવેલી ઇચ્છા પ્રમાણે તૈયાર કરેલી ને નામદાર મું' ઇલાકાના કેળવણી ખાતાએ ઇનામ અને લાયબ્રેરી સારૂ મંજુર કરેલું—આ નીતીની શીખામણોનું પુસ્તક સુરતમાં કર્તા પાસેથી, તથા બુકસેલર મી. કસનદાસ નારણદાસની દુકાનેથી અને મુંબાઇમાં મેસર્સ, એન. એમ. ત્રીપાઠી પાસેથી મળશે. એક હજાર અને તેની ઉપર સામટી લેનારને ૫૦ ટકા કમીશન કાપી આપવામાં આવશે.
